# અર્થશાસ્ત્ર વિષય પ્રવેશ

## માનવીની આર્થિક સમસ્યાઓના ઉકેલ અને માનવીના આર્થિક વર્તનો અભ્યાસ કરતું શાસ્ત્રને કયા નામે ઓળખવામાં આવે છે ?

---

A. તર્કશાસ્ત્ર

B. ભૌતિકશાસ્ત્ર

C. અર્થશાસ્ત્ર

D. આંકડાશાસ્ત્ર

- C.અર્થશાસ્ત્ર

## Economics શબ્દ કયા ગ્રીક શબ્દ પરથી ઊતરી આવ્યો છે ?

A. Oikonomikos

B. Ecology

C. PHILO

D. NOMOS

- A.Oikonomikos

## કયા અર્થશાસ્ત્રીને અર્થશાસ્ત્રનો વૈજ્ઞાનિક ઢબે સ્વતંત્રપણે અભ્યાસ શરૂ કરવાનું બહુમાન મળ્યું છે ?

A. કૌટિલ્ય

B. પ્રો. માર્શલ

C. રોબિન્સ

D. ઍડમ સ્મિથ

- D.ઍડમ સ્મિથ

## અર્થશાસ્ત્રને વાસ્તવાદી વિજ્ઞાન તરીકે રજૂ કરનાર અર્થશાસ્ત્રી ...

A. ઍડમ સ્મિથ

B. રોબિન્સ

C. સૅમ્યુઅલસન

D. માર્શલ

- B.રોબિન્સ

## અર્થશાસ્ત્રના અભ્યાસ અને વિશ્લેષણના ક્ષેત્રની રીતે કેટલા ભાગ પડે છે ?

A. ચાર

B. ત્રણ

C. બે

D. પાંચ

- C.બે

## સામાન્ય રીતે દેશ, વર્ષ, વરસાદ જેવી સ્વતંત્ર ચલ રાશિ કઈ ધરી ઉપર દર્શાવવામાં આવે છે ?

A. ઊભી ધરી પર

B. આડી ધરી પર

C. ઉદગમબિંદુ પર

D. કાટખૂણે

- B.આડી ધરી પર

## ‘Principles Of Economics’ પુસ્તક કોણે લખ્યું ?

A. ઍડમ સ્મિથ

B. માર્શલ

C. રોબિન્સ

D. સૅમ્યુઅલસન

- B.માર્શલ

## રોબિન્સના મતે અર્થશાસ્ત્રની વ્યાખ્યા જણાવો.

- રોબિન્સના મતે , “અર્થશાસ્ત્ર એટલે માણસ પોતાની જરૂરિયાતો અને વૈકલ્પિક ઉપયોગ ધરાવતાં સાધનો વચ્ચે કેવી રીતે મળે બેસાડે છે તેની વર્તણૂકનો અભ્યાસ કરતું વિજ્ઞાન.”

## સૅમ્યુઅલસન અર્થશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં કઈ બાબતને મહત્વનું સ્થાન આપે છે ?

- સમ્યુઅલસન સમાજની પસંદગીઓ અને વહેંચણીના મુદ્દાને અર્થશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં મહત્વનું સ્થાન આપે છે.

## આર્થિક માહિતીની રજૂઆત કઈ ત્રણ રીતે કરી શકાય છે ?

- આર્થિક માહિતીની રજૂઆત ત્રણ રીતે કરી શકાય છે : (1) વર્ણનાત્મક રીતે ભાષા દ્વારા, (2) આંકડાઓ દ્વારા અને (3) આકૃતિ કે આલેખ દ્વારા.

## સામાન્ય રીતે આકૃતિ કે આલેખમાં સ્વતંત્ર અને પરતંત્ર ચલ રાશિને કઈ ધરી પર દર્શાવવામાં આવે છે ?

- સામાન્ય રીતે આકૃતિ કે આલેખમાં સ્વતંત્ર ચલ રાશિને ધરી (આડી ધરી) પર અને પરતંત્ર ચલ રાશિને ધરી (ઊભી ધરી) પર દર્શાવવામાં આવે છે.

## વૃત્તાંશ આકૃતિ એટલે શું ?

- કુલ માહિતી માટે દોરવામાં આવેલ વર્તુળને તેના પેટાવિભાગોના અંશ મુજબ વિભાજિત કરતાં મળતી આકૃતિને વૃત્તાંશ આકૃતિ કહે છે.

## કૌટિલ્યે આપેલ વ્યાખ્યા શું છે ? તે સમજાવો.

- કૌટિલ્યની માનવીની આર્થિક પ્રવૃત્તિ માટેના ચિંતનમાં માત્ર 'અર્થ' કેન્દ્રિત ન રહેતાં માનવકલ્યાણનો પણ વિચાર છે. જેથી કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં નૈતિક આધારો પણ છે.

- કૌટિલ્યના મત મુજબ અર્થશાસ્ત્ર એટલે, "મનુષ્યની વૃત્તિ અર્થ છે. મનુષ્યના વસવાટવાળી ભૂમિ અર્થ છે. તેથી પૃથ્વીના લાલન-પાલનના ઉપાયો દર્શાવતું શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર.

## માર્શલની અર્થશાસ્ત્રની વ્યાખ્યા સમજાવો.

- માર્શલના મત મુજબ, "અર્થશાસ્ત્ર માણસની રોજિંદી જિંદગીના આર્થિક વ્યવહારોનો અભ્યાસ કરતું કલ્યાણલક્ષી શાસ્ત્ર છે."
- માનવી રોજિંદા વ્યવહારમાં આવક મેળવી સુખાકારીનાં ભૌતિક સાધનો વસાવી શકે છે, તેમનો ઉપયોગ કરે છે અને પોતાની સુખાકારી એટલે કલ્યાણ સાધી શકે છે.
- માર્શલ માત્ર ભૌતિક અને માપી શકાય તેવી વસ્તુઓના વપરાશની જ વાત કરે છે. પરંતુ ડૉક્ટર, વકીલ, શિક્ષક વગેરેની સેવાઓને અભૌતિક ગણી તેમની ઉપેક્ષા કરે છે જે યોગ્ય નથી.
- અર્થશાસ્ત્ર સમાજના અભિન્ન અંગ તરીકે માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરે છે તે બાબત માર્શલે સ્વીકારેલ છે.

## આર્થિક પ્રવૃત્તિ અને બિનાઆર્થિક પ્રવૃત્તિ વચ્ચેનો તફાવત સમજાવો.

| આર્થિક પ્રવૃત્તિ | બિનઆર્થિક પ્રવૃત્તિ |
|---|---|
| જરૂરિયાત સંતોષવાના હેતુથી અર્થોપાર્જન માટે થતી દરેક પ્રવૃત્તિને આર્થિક પ્રવૃત્તિ કહેવાય છે. | જે પ્રવૃત્તિ અર્થોપાર્જન માટે થતી ન હોય તે દરેક પ્રવૃત્તિને બિનઆર્થિક પ્રવૃત્તિ કહેવાય છે. |
| વેપારી વસ્તુઓ વેચીને કમાણી કરે, ખેડુત ખેતીકામ કરીને આવક મેળવે, શિક્ષક વિદ્યાર્થીને ખાનગી ટ્યુશન આપીને આવક મેળવે, ડૉક્ટર પોતાનીએ સેવાઓ આપી બદલામાં નાંણા મેળવે, થિયેટરમાં જઈને ફિલ્મ જોવી વગેરે આર્થિક પ્રવૃત્તિઓ છે. | શિક્ષક પોતાના બાળકને ભણાવે, આયા પોતાના બાળકનો ઉછેર કરે, ડૉક્ટર પોતાની પત્નીની સારવાર કરે, વેપારી સ્વ-વપરાશ માટે ચીજવસ્તુઓ વાપરે, ખેડુતને તેના સંબંધીને અનાજ ભેટમાં આપે વગેરે બિનઆર્થિક પ્રવૃત્તિઓ છે. |

| | |
|---|---|
| આર્થિક પ્રવૃત્તિમાં ચીજવસ્તુઓ કે સેવાઓના વિનિમય દ્વારા આવક મેળવવાની કે ખર્ચ કરવાની પ્રવૃત્તિ થતી હોય છે. | બિનઆર્થિક પ્રવૃત્તિમાં વિનિમય, આવક કે ખર્ચનો હેતુ હોતો નથી; પરંતુ પ્રેમ, લાગણી, દયા, માન, અપમાન વગેરેથી પ્રેરાઇને થતી પ્રવૃત્તિ હોય છે. |
| આર્થિક પ્રવૃત્તિમાં બીજા પરનું અવલંબન છે. આપણે બજારમાંથી પુસ્તક ખરીદીએ એમાં બીજા પરનું અવલંબન સંકળાયેલું છે. | બિનઆર્થિક પ્રવૃત્તિમાં બીજા પરના અવલંબનનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પુસ્તક વાંચવાની પ્રવૃત્તિ બિનાઅર્થિક છે. તેમાં બીજા પરનું અવલંબન નથી. |

## અર્થશાસ્ત્રમાં આંકડાકીય માહિતીનું મહત્વ મુદ્દાસર સમજાવો.

- **અર્થશાસ્ત્રમાં આંકડાકીય માહિતીનું મહત્વ :**

- 1 **આર્થિક સિદ્ધાંતની વિશ્વસનીયતા વધારવામાં :**
- **આર્થિક સિદ્ધાંત બે આર્થિક ચલ વચ્ચેનો કાર્યકારણનો સંબંધ દર્શાવે છે. આ સિદ્ધાંત રજુ કરવા, સમજવા અને વ્યવહારમાં ચકાસવા અને તેની વિશ્વસનીયતા જાણવા આર્થિક બાબતોની આંકડાકીય માહિતી મહત્વની છે.**

- જેમ કે, કિંમત અને માંગ વચ્ચેનો સંબંધ આંકડાકીય આધાર સાથે રજૂ થાય, તો તે સ્પષ્ટ અને આધારભૂત બને છે તેમજ વ્યવહારમાં સિદ્ધાંતની યથાર્થતા ચકાસી શકાય છે.

- 2 અર્થતંત્રની સ્થિતિ અને તેનાં વલણો જાણવા : અર્થતંત્રને લગતી વિવિધ આર્થિક બાબતોની આંકડાકીય માહિતીને આધારે અર્થતંત્રની સ્થિતિ અને અર્થતંત્રનાં વલણોનો પ્રકાર અને દિશા જાણી શકાય છે..
- જેમ કે, રાષ્ટ્રીય આવકમાં જુદાં જુદાં ક્ષેત્રો – ખેતી, ઉદ્યોગ, સેવાઓનો સિસ્સો કેટલો છે, અર્થતંત્રમાં નાણાં પુરવઠાનો પ્રવાહ કેવો છે વગેરે વલણો જાણવા સંબંધિત આર્થિક બાબતની માહિતીના આંકડાઓ ઉપયોગી છે.
- અર્થતંત્રમાં આર્થિક વ્યવહારો, રોજગારીની સ્થિતિ, ગરીબાઇ વગેરેની જાણકારી આંકડાકીય માહિતી દ્વારા જ મેળવી શકાય છે.

- 3 તુલનાત્મક અભ્યાસ થઈ શકે છે : જુદી જુદી આર્થિક બાબતોનો તુલનાત્મક અભ્યાસ કરવા માટે આંકડાકીય માહિતીનો ઉપયોગ મહત્વનો છે. સ્થળ, સમય કે ક્ષેત્રની માહિતીની સરખામણી આંકડાઓ દ્વારા થાય છે.
- જેમ કે, 2001 ની તુલનામાં 2015માં ઔદ્યોગિક ક્ષેત્રે દુનિયામાં આપણે ક્યાં છીએ તે જાણવા આંકડાાકીય રજૂઆત અગત્યની બને છે.

- 4 સંક્ષિપ્ત રજુઆત માટે : વિવિધ આર્થિક બાબતોની માહિતીને સંક્ષિપ્ત રીતે તેમજ સરળ અને ઝડપથી સમજી શકાય તે સ્વરૂપે રજૂ કરવા તેમની આંકડાકીય માહિતી આકૃતિ અને આલેખ દ્વારા દર્શાવવામાં આવે છે.
- આકૃતિ અને આલેખ દ્વારા રજૂ થતી આંકડાકીય માહિતી અર્થશાસ્ત્રના સિદ્ધાંતો, વલણો અને તુલનાત્મક અભ્યાસની સચોટ અને સંક્ષિપ્ત રજૂઆત કરે છે.

## એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

| એકમલક્ષી અર્થશાસ્ત્ર | સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર |
|---|---|
| જે અભ્યાસમાં અર્થશાસ્ત્રના એકમનો અભ્યાસ થાય છે તે એકમલક્ષી અર્થશાસ્ત્ર છે. | જે અભ્યાસમાં અર્થશાસ્ત્રના સમગ્ર ક્ષેત્રનો અભ્યાસ થાય છે તે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર છે. |
| વસ્તુની કિંમત, પેઢીની સમતુલા, શ્રમિકની સીમાંત ઉત્પાદકતા વગેરે બાબતોનો અભ્યાસ એકમલક્ષી અર્થશાસ્ત્ર છે. | કુલ રોજગારી, રાષ્ટ્રીય આવક, વસ્તી-ભાવસપાટીનું નિર્ધારણ, રોજગારી, ગરીબી વગેરેના પ્રમાણનો અભ્યાસ સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર છે. |
| એકમલક્ષી અર્થશાસ્ત્ર ગ્રાહક, પેઢી, શ્રમિક જેવા આર્થિક એકમને નિર્ણય કરવામાં મદદરૂપ થાય છે, તેમજ માનવીના આર્થિક વર્તનને સમજવામાં ઉપયોગી છે. | સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર સરકારને આર્થિક નીતિ ઘડવામાં અને આર્થિક સંસ્થાઓને નિર્ણયો લેવામાં મદદ કરે છે. |
| એકમલક્ષી અભ્યાસ પરથી સમગ્રલક્ષી નીતિ નક્કી કરી શકાય છે. | સમગ્રલક્ષી નીતિની મદદથી આર્થિક એકમ પર પડેલી અસરોનો અભ્યાસ કરી શકાય છે. |

## “અર્થતંત્રની દશા અને દિશાનાં વલણો જાણવા માટે આંકડાકીય માહિતી ઉપયોગી છે.” સમજાવો.

- અર્થતંત્રની સ્થિતિ અને તેનું વલણ જાણવા આર્થિક માહિતીના આંકડાઓ જરૂરી છે.

- અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધી રહ્યો છે, રાષ્ટ્રીય આવકમાં ઉદ્યોગોનો હિસ્સો વધી રહ્યો છે, ભારતની આયાતો ઘટી રહી છે. આ બાબતોનાં વલણો તેમને સંગત આંકડાઓ દ્વારા જ જાણી શકાય છે.

- અર્થતંત્ર કઈ દિશામાં જઈ રહ્યું છે, આર્થિક વ્યવહારો કેવા છે, રોજગારી, ગરીબી વગેરેની પરિસ્થિતિ જાણવા આંકડાકીય માહિતીનો ઉપયોગ અનિવાર્ય છે.

## એડમ સ્મિથ અને માર્શલે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા વિગતે સમજાવો.

- એડમ સ્મિથની અર્થશાસ્ત્રની વ્યાખ્યા : અર્થશાસ્ત્રનો સ્વતંત્ર વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરનાર એડમ સ્મિથ હતા. તેથી એડમ સ્મિથ અર્થશાસ્ત્રના પિતા તરીકે જાણીતા છે.
- એડમ સ્મિથના જણાવ્યા મુજબ, "અર્થશાસ્ત્ર એ સંપત્તિનું શાસ્ત્ર છે.".
- અર્થશાસ્ત્રમાં સંપત્તિનો વિશિષ્ટ અર્થ છે. જે ચીજવસ્તુમાં માનવીની જરૂરિયાતોને સંતોષવાનો ગુણ હોય, જેની અછત હોય, જેનો વિનિમય થઈ શકે એટલે કે બદલામાં અછતવાળી બીજી વસ્તુ મળી શકે તેને 'સંપત્તિ' કહેવાય. આવી ચીજવસ્તુ ભૌતિક સંપત્તિ છે, કારણ કે તે જોઈ શકીએ છીએ અને ખરીદી કે વેચી શકીએ છીએ. આવી વસ્તુઓ જેમ વધુ તેમ આર્થિક ઉન્નતિ વધુ થઈ ગણાય એવો મત એડમ સ્મિથે વ્યક્ત કર્યો છે.

- એડમ સ્મિથની વ્યાખામાંથી સ્પષ્ટ થતી બાબતો : અર્થશાસ્ત્રમાં માનવીની ભૌતિક સંપત્તિ- ઉપયોગી ચીજવસ્તુઓ, ઉત્પાદકીય શ્રમ વગેરે મુખ્ય છે.
- અર્થશાસ્ત્રમાં સંપત્તિના ઉત્પાદન, વપરાશ, વિનિમય અને વહેંચણીનો અભ્યાસ કરવામાં આવે છે.
- એડમ સ્મિથ માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરે છે તેથી તે અર્થશાસ્ત્રને સામાજિક વિજ્ઞાનનો દરજ્જો આપે છે.

- ટીકા : એડમ સ્મિથે માનવીના આર્થિક વર્તનના અભ્યાસમાં નીતિશાસ્ત્રને ધ્યાનમાં લીધું નથી અને માત્ર સંપત્તિને ધ્યાનમાં રાખી હોવાથી માનવકલ્યાણની ઉપેક્ષા કરી છે. જોકે તેણે પોતાના પુસ્તક 'Wealth of Nations'માં માનવકલ્યાણની વાત કરી જ છે.

- માર્શલની વ્યાખ્યા : પ્રો. આલ્ફ્રેડ માર્શલના મતે, "અર્થશાસ્ત્ર કલ્યાણલક્ષી શાસ્ત્ર છે."
- સંપત્તિ સાધન છે, જેના ઉપયોગથી માનવકલ્યાણની એટલે કે માનવીના સંતોષ માટેની પ્રવૃતિઓ કરી શકાય છે. માનવી રોજિંદા વ્યવહારમાં આવક મેળવી તેને વાપરે છે. પરિણામે તે સુખાકારીનાં ભૌતિક કલ્યાણ એટલે કે પોતાની સુખાકારી સાધી શકે છે. આમ, અર્થશાસ્ત્રને સંપૂર્ણ રીતે નહીં પરંતુ આંશિક રીતે માનવીના આર્થિક કલ્યાણ સાથે સંબધ છે.
- માર્શલની વ્યાખ્યામાંથી સ્પષ્ટ થાય છે કે, અર્થશાસ્ત્રમાં માનવીના સુખનો અભ્યાસ મુખ્ય છે. તેનું પ્રાથમિક ધ્યેય માનવીની સંપત્તિ વધારવાનું છે અને તે દ્વારા ભૌતિક કલ્યાણને એટલે કે સુખને પ્રાપ્ત કરવાનું છે.

- ટીકા : માર્શલ માત્ર ભૌતિક અને માપી શકાય તેવી વસ્તુઓના વપરાશની જ વાત કરે છે અને અભૌતિક (ડૉક્ટર, વકીલ, શિક્ષક, સંગીતકાર વગેરેની સેવાઓ) વસ્તુઓની ઉપેક્ષા કરે છે.
- માર્શલ અર્થશાસ્ત્રના અભ્યાસમાં માનવકલ્યાણને કેન્દ્રસ્થાને મૂકે છે છતાં માનવકલ્યાણને નુકસાન કરે તેવી કેટલીક ચીજો જેવી કે, માદક પીણાં, અફીણ વગેરેનો અર્થશાસ્ત્રના અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

### અર્થશાસ્ત્રમાં આંકડાકીય માહિતીનું મહત્વ મુદ્દાસર સમજાવો.

## અર્થશાસ્ત્રમાં આંકડાકીય માહિતીનું મહત્વ :

- 1 આર્થિક સિદ્ધાંતની વિશ્વસનીયતા વધારવામાં :

- આર્થિક સિદ્ધાંત બે આર્થિક ચલ વચ્ચેનો કાર્યકારણનો સંબંધ દર્શાવે છે. આ સિદ્ધાંત રજુ કરવા, સમજવા અને વ્યવહારમાં ચકાસવા અને તેની વિશ્વસનીયતા જાણવા આર્થિક બાબતોની આંકડાકીય માહિતી મહત્વની છે.
- જેમ કે, કિંમત અને માંગ વચ્ચેનો સંબંધ આંકડાકીય આધાર સાથે રજૂ થાય, તો તે સ્પષ્ટ અને આધારભૂત બને છે તેમજ વ્યવહારમાં સિદ્ધાંતની યથાર્થતા ચકાસી શકાય છે.

- 2 અર્થતંત્રની સ્થિતિ અને તેનાં વલણો જાણવા : અર્થતંત્રને લગતી વિવિધ આર્થિક બાબતોની આંકડાકીય માહિતીને આધારે અર્થતંત્રની સ્થિતિ અને અર્થતંત્રનાં વલણોનો પ્રકાર અને દિશા જાણી શકાય છે..
- જેમ કે, રાષ્ટ્રીય આવકમાં જુદાં જુદાં ક્ષેત્રો – ખેતી, ઉદ્યોગ, સેવાઓનો સિસ્સો કેટલો છે, અર્થતંત્રમાં નાણાં પુરવઠાનો પ્રવાહ કેવો છે વગેરે વલણો જાણવા સંબંધિત આર્થિક બાબતની માહિતીના આંકડાઓ ઉપયોગી છે.
- અર્થતંત્રમાં આર્થિક વ્યવહારો, રોજગારીની સ્થિતિ, ગરીબાઇ વગેરેની જાણકારી આંકડાકીય માહિતી દ્વારા જ મેળવી શકાય છે.

- 3 તુલનાત્મક અભ્યાસ થઈ શકે છે : જુદી જુદી આર્થિક બાબતોનો તુલનાત્મક અભ્યાસ કરવા માટે આંકડાકીય માહિતીનો ઉપયોગ મહત્વનો છે. સ્થળ, સમય કે ક્ષેત્રની માહિતીની સરખામણી આંકડાઓ દ્વારા થાય છે.
- જેમ કે, 2001 ની તુલનામાં 2015માં ઔદ્યોગિક ક્ષેત્રે દુનિયામાં આપણે ક્યાં છીએ તે જાણવા આંકડાાકીય રજૂઆત અગત્યની બને છે.

- 4 સંક્ષિપ્ત રજુઆત માટે : વિવિધ આર્થિક બાબતોની માહિતીને સંક્ષિપ્ત રીતે તેમજ સરળ અને ઝડપથી સમજી શકાય તે સ્વરૂપે રજૂ કરવા તેમની આંકડાકીય માહિતી આકૃતિ અને આલેખ દ્વારા દર્શાવવામાં આવે છે.
- આકૃતિ અને આલેખ દ્વારા રજૂ થતી આંકડાકીય માહિતી અર્થશાસ્ત્રના સિદ્ધાંતો, વલણો અને તુલનાત્મક અભ્યાસની સચોટ અને સંક્ષિપ્ત રજૂઆત કરે છે.

## 'અર્થશાસ્ત્ર' અંગેના ભારતીય ચિંતનની માહિતી આપો.

- ભારતીય તત્વચિંતનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર માનવજીવનના મુખ્ય ઉદ્દેશો છે, જેમાં 'અર્થ' માટે કરવામાં આવતી પ્રવૃત્તિ સાથે અર્થશાસ્ત્ર સંકળાયેલ છે.
- 'કશુંક મેળવવા' ની અપેક્ષા સાથે થતી પ્રવૃત્તિ એ 'અર્થપૂર્ણ' પ્રવૃત્તિ છે.
- માનવી 'અર્થપૂર્ણ' પ્રવૃત્તિ દ્વારા જીવનનિર્વાહ અને ભૌતિક સુખની પ્રાપ્તિ માટે આર્થોપાર્જન્ય છે.
- 2500 વર્ષ પહેલાં કૌટિલ્યે અર્થશાસ્ત્ર સાથે સંબંધિત છે તેવી માનવીની આર્થિક પ્રવૃત્તિ માટે ચિંતન રજૂ કર્યું હતું.
- ભારતીય ચિંતનમાં આર્થિક પ્રવૃત્તિ માત્ર 'અર્થ' કેન્દ્રિત ન રહેતાં તેમાં માનવકલ્યાણનો પણ વિચાર થતો હતો. આમ, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર અર્થ-નીતિશાસ્ત્ર પણ કહેવાતું.
- કૌટિલ્યે રાજાશાહી રાજ્યવ્યવસ્થા અને કૃષિપ્રધાન અર્થવ્યવસ્થાને ધ્યાનમાં રાખી અર્થશાસ્ત્રની રજૂઆત કરી હતી.